For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

- હેવી ગેસનો ઉપયોગ કરનારા ઉદ્યોગોને થોડા અંશે તકલીફ આવવાની : VCCI
- એજન્સીઓ પર નવો સ્ટોક ઉતરતા અને વિતરણ ગાડીઓ રસ્તા પર દોડતી થઇ

# હાશ, વડોદરાના ગેસ ગોડાઉનો સિલિન્ડરોથી છલકાયા

- ઘરેલુ ગેસ સિલિન્ડર માટે પેનિક કરવાની જરૂર નથી, ઘણા વિકલ્પો મોજૂદ છે
- અકોટા વિસ્તારમાં સર્વર ડાઉન હોવાથી 'ગેસ નહીં મળે' તેવી અફવા ઉડી

## ત્રણ દિવસના વિરામ બાદ રાંધણ ગેસનો પુરવઠો પૂર્વવત : અછત લંબાતા ટેમ્પો ચાલકો પર આર્થિક સંકટના વાદળો ઘેરાયા હતા

(પ્રતિનિધિ), વડોદરા. તા.13

સંસ્કારી નગરી વડોદરામાં છેલ્લા ત્રણ દિવસથી સર્જાયેલી રાંધણ ગેસની તંગીનો આખરે અંત આવ્યો છે. ગેસના સપ્લાયમાં આવેલા અવરોધને કારણે શહેરની અનેક ગેસ એજન્સીઓ ખાલીખમ જોવા મળી રહી હતી, પરંતુ આજથી નવા જથ્થાનું આગમન થતા ગોડાઉનો ફરી ધમધમતા થયા છે. ગેસના બોટલોનો નવો સ્ટોક ઉતરતાની સાથે જ વિતરણ વ્યવસ્થા વેગીલી બનાવવામાં આવી છે, જેનાથી હજારો ગૃહિણીઓએ રાહતનો શ્વાસ લીધો છે. ગેસની આ અછતની સૌથી સીધી અને માઠી અસર ગેસ ડિલિવરી કરતા ટેમ્પો ચાલકો અને શ્રમિકો પર પડી હતી. છેલ્લા ત્રણ દિવસથી કામકાજ ઠપ્પ હોવાને કારણે વિષ્ણુભાઈ અને ગણપતભાઈ જેવા અનેક શ્રમિકો નવરાધૂપ બેસી રહ્યા હતા. રોજનું કમાઈને રોજ ખાનારા આ વર્ગ માટે આ ત્રણ દિવસ ખૂબ જ કપરા સાબિત થયા હતા. પોતાની વેદના ઠાલવતા ટેમ્પો ચાલકોએ જણાવ્યું હતું કે, "અમારું ગુજરાન ગેસના ફેરા પર નિર્ભર હોય છે.

ગાડીઓના હપ્તા અને ઘરખર્ચ કાઢવો મુશ્કેલ બની રહ્યો હતો. જો હજુ બે-ત્રણ દિવસ આ સ્થિતિ રહી હોત તો અમારે દેવું કરવાનો વારો આવત. જોકે, આજે વહેલી સવારથી જ ટ્રકો ભરીને સિલિન્ડર આવતા આ શ્રમિકોના ચહેરા પર ફરી સ્મિત જોવા મળ્યું હતું અને તેઓ ઉત્સાહભેર કામ પર વળગ્યા હતા. નોંધનીય છે કે, અચાનક સર્જાયેલી આ તંગીને કારણે અનેક ગ્રાહકોના બુકિંગ પેન્ડિંગ પડ્યા હતા. હોટલ-રેસ્ટોરન્ટ અને ઘરગથ્થુ વપરાશકારોમાં એવી ચિંતા હતી કે ક્યાંક લાંબા સમય સુધી અછત ન સર્જાય. પરંતુ એજન્સીઓ પર નવો સ્ટોક ઉતરતા અને વિતરણ ગાડીઓ રસ્તા પર દોડતી થતા ગ્રાહકોમાં પણ આનંદની લહેર જોવા મળી છે. એજન્સી સંચાલકોના જણાવ્યા અનુસાર, આગામી 24 થી 48 કલાકમાં તમામ પેન્ડિંગ ઓર્ડર પૂરા કરી દેવામાં આવશે. હાલમાં વડોદરાના વિવિધ વિસ્તારોમાં ગેસ એજન્સીઓ બહાર ટેમ્પોનું લોડિંગ-અનલોડિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે, જે દર્શાવે છે કે ગેસ સપ્લાયની શૃંખલા ફરી એકવાર પાટા પર ચડી ગઈ છે.



વડોદરાના ગોડાઉનમાં ગેસ સિલિન્ડરોની ગાડીઓ આવી પહોંચતા વિતરણ કરનાર ગાડીઓના ગોડાઉન પર આવી જતાં વિતરકો અને ગ્રાહકોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

### ગેસના બાટલા ખૂટ્યા તો 'દેશી સગડીઓ'ની માંગ ઉઠી !, હોટલો માટે માટીના ચૂલા બન્યા તારણહાર

કોમર્શિયલ ગેસ પર કાપ મુકાતા હોટલ ઉદ્યોગમાં 'હાહાકાર'

વૈશ્વિક તણાવને પગલે ભારત સરકાર દ્વારા કોમર્શિયલ ગેસના પુરવઠા પર રોક લગાવવામાં આવતા જ સંસ્કારી નગરીનો હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. જોકે, આ સંકટ સમયે વડોદરાના સ્થાનિક કસબીઓએ પરંપરાગત રસ્તો શોધી કાઢીને પડી ભાંગતા વ્યવસાયોને નવું જીવતદાન આપ્યું છે. શહેરમાં અચાનક જ દેશી સગડીઓ અને માટીના ચૂલાની માંગમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો છે.કોમર્શિયલ ગેસ સિલિન્ડર મળતા બંધ થતા જ નાના વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને મધ્યમ કદના હોટલ માલિકો માટે અસ્તિત્વ ટકાવવાનો પ્રશ્ન ઊભો થયો હતો. ગેસના અભાવે અનેક રસોડા બંધ થવાની અણી પર હતા, ત્યારે વડોદરાના કુંભારો તારણહાર બનીને સામે આવ્યા છે. વર્ષો પહેલા જે માટીના ચૂલા પર રસોઈ બનતી હતી, તે જમાનો ફરી પાછો આવ્યો હોય તેવા દ્રશ્યો શહેરના વિવિધ વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે.બજારની આ બદલાયેલી માંગને પારખીને વડોદરાના કુંભારે યુદ્ધના ધોરણે 30થી વધુ મોટી સગડીઓ તૈયાર કરી છે. ગેસ વગર લાકડા કે કોલસા પર ચાલતી આ સગડીઓ હવે હોટલોના આધુનિક કિચનમાં સ્થાન પામી રહી છે. વેપારીઓના મતે, ગેસની અછત વચ્ચે આ દેશી જુગાડ માત્ર આર્થિક રીતે જ નહીં, પરંતુ વ્યવસાય ચાલુ રાખવા માટે પણ એકમાત્ર મજબૂત વિકલ્પ સાબિત થઈ રહ્યો છે. વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે વડોદરાના કસબીઓનો આ આત્મનિર્ભર પ્રયાસ ખરેખર કાબિલેદાદ છે.

### દેશ અને ગુજરાત આફતને પણ અવસરમાં પલટાવશે : હિમાંશુ પટેલ

યુદ્ધની અસર ઉદ્યોગો પર પણ પડી છે.ત્યારે આ વાતને વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ પણ સ્વીકારી છે. જોકે ગૃહિણીઓ માટે આ ગેસની તકલીફ નથી ઉદ્ભવવાની કારણ કે સરકાર પાસે તેનો પૂરતો સ્ટોક છે. યુદ્ધની અસર વડોદરામાં વર્તાય છે ઘરેલુ ગેસની અછત ઊભી થતા લોકોમાં ચિંતાનો વિષય બની ગયો છે જોકે, આ વાત વડોદરાના વીસીસીઆઈ દ્વારા પણ સ્વીકારવામાં આવી છે.અગ્રણી હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, યુદ્ધને કારણે ઘરેલુ અને ઇન્ડસ્ટ્રિઝ ગેસમાં 70 થી 90 ટકા સુધીનો ગેસ આપણે વિદેશથી આયાત કરીને મંગાવતા હોઈએ છીએ, તો સ્વાભાવિક છે કે યુદ્ધના લીધે જળમાર્ગના આ ડિસ્ટર્બન્સને લીધે ગેસની તકલીફ ઊભી થવાની છે અને થઈ છે. આ કપરા સમયને પણ દેશ અને ગુજરાત અવસરમાં બદલીને નવુ ઉદાહરણ પૂરુ પાડશે.



### જિલ્લા પુરવઠા વિભાગ ખાતે સામાજિક કાર્યકરો દ્વારા હલ્લાબોલ

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રાંધણ ગેસના બોટલને લઈને સર્જાયેલી અસમંજસ અને કથિત અછતને પગલે આજે સામાજિક કાર્યકરોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સામાજિક કાર્યકરોનો એક સમૂહ એકત્રિત થઈને જિલ્લા પુરવઠા વિભાગની કચેરીએ પહોંચ્યો હતો અને સૂત્રોચ્ચાર સાથે વાતાવરણ ગજવી દીધું હતું. આ મામલે જિલ્લા પુરવઠા અધિકારી જી.એન. દેસાઈને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. સામાજિક કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે ગેસ એજન્સીઓ પર લાંબી કતારો જોવા મળી રહી છે અને સામાન્ય જનતામાં ગેસના પુરવઠાને લઈને ભયનો માહોલ છે. ગૃહિણીઓને પડતી હાલાકી અને બ્લેક માર્કેટિંગની આશંકા વ્યક્ત કરતા કાર્યકરોએ તંત્ર પાસે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી હતી.



### અકોટામાં ગેસ બુકિંગને લઈને ગ્રાહકોમાં ગેરસમજ, લોકોના ટોળા ઉમટ્યા

શહેરના અકોટા વિસ્તારમાં આવેલી ઇન્ડિયન ગેસ એજન્સી ખાતે આજે સવારથી જ ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. રાંધણ ગેસના સિલિન્ડર નહીં મળે તેવી અફવાઓ અને ઓનલાઈન બુકિંગમાં ટેકનિકલ ખામી સર્જાતા ગ્રાહકોમાં ફાળ પડી હતી, જેના કારણે મોટી સંખ્યામાં લોકો ગેસ એજન્સીની ઓફિસે પહોંચી ગયા હતા. જોકે, બાદમાં એજન્સી દ્વારા સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવતા ગ્રાહકોએ રાહતનો શ્વાસ લીધો હતો. છેલ્લા થોડા સમયથી સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે એવી અફવાઓ વહેતી થઈ હતી કે સિલિન્ડર મળવામાં મુશ્કેલી પડશે. આ દરમિયાન અચાનક ઇન્ડિયન ગેસનું ઓનલાઈન બુકિંગ બંધ થઈ જતાં ગ્રાહકો રોશે ભરાયા હતા. લોકોને એવી ચિંતા સતાવી રહી હતી કે જો ગેસ સિલિન્ડર નહીં મળે તો ઘરનો ચૂલો નહીં બળે.



### વડોદરાના લારી ધારકોની માંગ, રેશનિંગની દુકાનેથી જ મળે કોમર્શિયલ ગેસ સિલિન્ડર

શહેરના હજારો નાના લારી ધારકોના જીવનનિર્વાહ પર તોળાતા સંકટને દૂર કરવા માટે આજે વડોદરા સ્ટ્રીટ વેન્ડર ગ્રુપ દ્વારા એક મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. પ્રમુખ અરવિંદ સિંધાની આગેવાનીમાં લારી ધારકોએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પુરવઠા અધિકારી ગીતા દેસાઈની મુલાકાત લીધી હતી અને પોતાની સળગતી સમસ્યાઓ અંગે વિગતવાર આવેદનપત્ર પાઠવ્યું હતું. રજૂઆતમાં મુખ્યત્વે એ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે કે, ભૂતકાળમાં જે રીતે રેશનકાર્ડ ધારકોને વાજબી ભાવની દુકાનો (PDS) પરથી કેરોસીન ઉપલબ્ધ કરાવવામાં આવતું હતું, બરાબર એ જ રીતે લારી ધારકોને પણ રેશનિંગની દુકાનો પરથી જ કોમર્શિયલ ગેસ સિલિન્ડર પૂરા પાડવામાં આવે.



---

તાપમાન 39.2 ડીગ્રી નોંધાયું

## શહેરમાં ગરમીના પ્રકોપ વચ્ચે કમોસમી વરસાદની આગાહી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.13

વડોદરામાં ગરમીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. શુક્રવારે શહેરનું મહત્તમ તાપમાન 39.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 20.2 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 54 ટકા અને સાંજે 18 ટકા નોંધાયું હતું. ગરમીના પ્રકોપ વચ્ચે ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેમાં 18 અને 19 માર્ચે રાજ્યના વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, સુરત, તાપી સહિતના અન્ય જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે, હાલમાં વડોદરા શહેરમાં કાળઝાળ ગરમી લોકો અનુભવી રહ્યા છે. શુક્રવારે તાપમાનનો પારો 39.2 ડિગ્રીએ પહોંચ્યો હતો. ગરમીના કારણે લોકોએ ઘરની બહાર નીકળવાનું



ટાળ્યું છે. ટ્રાફિકથી ધમધમતા રસ્તાો સુમસામ બન્યા છે. ગરમીથી રાહત મેળવવા લોકો ઠંડાપીણાના સહારે છે. આગામી 14 માર્ચથી વેસ્ટન ડીસ્ટર્બન્સની અસરથી આગામી સપ્તાહમાં વાદળછાયું વાતાવરણ રહેશે.

જોકે વાદળો છવાતા બફારો વર્તાઈ શકે છે. 20 માર્ચ બાદ ગરમીનો પારો ફરી વધી શકે છે. માર્ચના અંતિમ અઠવાડિયામાં પારો 41 ડિગ્રી સુધી ફરી પહોંચી શકે છે.

---

સિટી પોલીસ સ્ટેશન ટોપ લિસ્ટમાં, ગ્રામ્ય પોલીસ કહે છે 'ફંડ નથી', વડોદરાના વિકાસ કામોમાં 18 કરોડનો મોટો ફટકો

## સરકારી તિજોરી ખાલી કે માનસિકતા? વડોદરાની 16 કચેરીનો કરોડોનો ટેક્સ બાકી

(પ્રતિનિધિ), વડોદરા. તા.13

વડોદરા મહાનગર સેવા સદન દ્વારા સામાન્ય નાગરિકો પાસેથી વેરો વસૂલવા માટે કડક હાથે કામગીરી કરવામાં આવે છે, પરંતુ આશ્ચર્યજનક રીતે શહેરની જ 16 જેટલી અગ્રણી સરકારી કચેરીઓ પાલિકાની સૌથી મોટી દેવાદાર બની છે.

આ સરકારી કચેરીઓનો કુલ 18 કરોડ રૂપિયા જેટલો મિલકત વેરો લાંબા સમયથી બાકી હોવાનું સામે આવ્યું છે. જેમાં સૌથી વધુ બાકી રકમ સિટી પોલીસ સ્ટેશનની છે, જેણે પાલિકાને 5.39 કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે. મળતી વિગતો અનુસાર, પાલિકાના વેરા વિભાગ દ્વારા વારંવાર નોટિસ પાઠવવા છતાં અનેક સરકારી વિભાગો દ્વારા બજેટ કે ગ્રાન્ટનો અભાવ હોવાનું કારણ આગળ ધરીને વેરો ભરવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. ગ્રામ્ય પોલીસ મથકો અને અન્ય કચેરીઓ પાસે હાલમાં પૂરતું ફંડ ઉપલબ્ધ ન હોવાથી તેઓએ ગ્રાન્ટ આવ્યા બાદ નાણાં ચૂકવવાની ખાતરી આપી છે.

જ્યારે કેટલીક કચેરીઓએ આ રકમને સરભર કરવા માટે દરખાસ્ત કરી હોવાનું જાણવા મળ્યું છે. પાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ, એકતરફ સામાન્ય જનતા જો વેરો ન ભરે તો તેમના નળ કનેક્શન કાપવા કે મિલકત સીલ કરવા જેવી ઝુંબેશ હાથ ધરાય છે, ત્યારે બીજી તરફ સરકારી કચેરીઓ સામે આવી કોઈ કડક કાર્યવાહી કરવી તંત્ર માટે મુશ્કેલ બને છે. આ બાકી વેરાની યાદીમાં પોલીસ વિભાગ ઉપરાંત મહેસૂલ અને અન્ય વહીવટી કચેરીઓનો પણ સમાવેશ થાય છે. આગામી દિવસોમાં જો આ લેણી રકમ નહીં ચૂકવાય તો પાલિકાના વિકાસલક્ષી કામોના બજેટ પર તેની અસર પડી શકે છે.

### સામાન્ય જનતા માટે નિયમોના 'કોરડા', તો સરકારી કચેરીઓને કેમ 'છૂટ'?

જ્યારે કોઈ મધ્યમવર્ગીય નાગરિક વેરો ભરવામાં થોડો મોડો પડે તો વ્યાજ અને જપ્તીની કાર્યવાહીનો ડર બતાવવામાં આવે છે, પરંતુ વડોદરાની 16 સરકારી કચેરીઓ વર્ષોથી કરોડોનો વેરો દબાવીને બેઠી છે. "ગ્રાન્ટ નથી" અથવા "સરભર કરી આપીશું" જેવા જવાબો આપીને પોલીસ અને વહીવટી વિભાગો જવાબદારીમાંથી છટકતા જોવા મળી રહ્યા છે. શું નિયમો માત્ર આમ જનતા માટે જ છે? 18 કરોડની આ માતબર રકમ જો પાલિકાની તિજોરીમાં આવે તો શહેરના અનેક અટકેલા કામોને વેગ મળી શકે તેમ છે. હવે જોવાનું એ રહે છે કે મ્યુનિસિપલ કમિશનર આ 'મોટા માથાઓ' પાસે વસૂલાત કરવા માટે કેવા કડક પગલાં ભરે છે.

---

આખરે GPCB ઊંઘમાંથી જાગ્યું !

## ભાયલીમાં 'ઝેરી' દુર્ગંધનું સામ્રાજ્ય: લોકોના શ્વાસ રૂંધાયા

વડોદરા : ભાયલી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય દુર્ગંધ અને વાયુ પ્રદૂષણની ઝપેટમાં આવ્યો છે. સ્થાનિક રહીશો દ્વારા વારંવાર કરવામાં આવેલી રજૂઆતો અને વધતા જનરોષ બાદ આખરે તંત્ર સફાળું જાગ્યું છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ વિસ્તારમાં હવાની ગુણવત્તા ચકાસવા માટે ખાસ મોનિટરિંગ વેન તૈનાત કરાઈ છે. છેલ્લા ઘણા દિવસોથી હવામાં એક તીવ્ર અને રહસ્યમય દુર્ગંધ ફેલાયેલી છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રિના સમયે આ દુર્ગંધ એટલી ભયાનક હોય છે કે સ્થાનિકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. રહીશોનો આરોપ છે કે આસપાસના ઔદ્યોગિક એકમો દ્વારા રાત્રિના સમયે ઝેરી વાયુ છોડવામાં આવે છે અથવા ગેરકાયદેસર રીતે કેમિકલ યુક્ત કચરો ઠાલવવામાં આવે છે, જેના કારણે લોકોનું જીવવું મુશ્કેલ બન્યું છે. સ્થાનિક રહીશોની ફરિયાદ બાદ GPCB ની ટીમ એક્શનમાં આવી છે. ભાયલીની સ્ટાર રેસિડેન્સી પાસે GPCB દ્વારા એક અત્યાધુનિક મોનિટરિંગ વેન 24 કલાક માટે મૂકવામાં આવી છે. આ મશીનરી દ્વારા હવામાં રહેલા પ્રદૂષિત કણો અને દુર્ગંધના સ્ત્રોત વિશે માહિતી મેળવવામાં આવશે. સ્થાનિક રહીશોએ માંગ કરી છે કે આ પ્રદૂષણ ફેલાવનાર અસલી ગુનેગારોને શોધી કાઢવામાં આવે અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

---

ગણિત વિષયના શિક્ષકને પોતાના મોબાઇલ પરથી જ વોટસએપ પર મેસેજ લખ્યો

## મકરપુરાની કેન્દ્રિય વિદ્યાલયને બ્લાસ્ટની ધમકીનો મેસેજ સગીર વિદ્યાર્થીએ જ કર્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.13

છેલ્લા કેટલાક દિવસોથી બોમ્બ થ્રેટ મળતી હોવાના કારણે પોલીસ તંત્ર સતત દોડધામ થતી રહેતી હતી. ત્યારે તાજેતરમાં મકરપુરાની કેન્દ્રીય વિદ્યાલયના શિક્ષકને વોટસએપ પર બોમ્બની ધમકી ભર્યો મેસેજ મળ્યો હતો. જેથી પોલીસે ઘનિષ્ઠ તપાસ કરતા હતા શાળાના જ વિદ્યાર્થીએ પરીક્ષા આપવી ના પડે તેના માટે પ્રેક કરતો શિક્ષકને બોમ્બ બ્લાસ્ટ થવાનો છે તેવી ધમકી મેસેજ કર્યો હતો. જેથી પોલીસે સગીરને પોલીસ સ્ટેશન ખાતે લાવી કાઉન્સેલિંગ કરતા તેણે ગુનાની કબૂલાત કરી હતી. વડોદરા શહેર અને જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી શાળાઓ તથા દિવાળીપુરા કોર્ટ અને પારૂલ યુનિવર્સિટીની બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મેલ દ્વારા મળી હતી. જેના પગલે સમગ્ર પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત ડોગ અને બોમ્બ સ્કવોર્ટની ટીમો એકિટવ થઇ ગઇ હતી અને અલગ અલગ જગ્યા પર ચેકિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ આ બોમ્બની ગર્ભિત ધમકી માત્ર અફવા સાબિત થઈ હતી. દરમિયાન પોલીસ આવેલા બોમ્બની ધમકી ભર્યા મેલની ઘનિષ્ઠ તપાસ કરી હતી. ત્યારે એક મેલ બ્રાઈટ ડે સ્કૂલમાં ધોરણ 6માં અભ્યાસ કરતા સગીર વિદ્યાર્થીઓ પ્રેંક કરવા માટે કર્યો હોવાનું માલુમ પડ્યું હતું. ત્યારે પોલીસ દ્વારા બાળક સહિત તેના વાલીવારસો પોલીસ સ્ટેશન ખાતે બોલાવીની તેમની પણ પૂછપરછ કરાઈ હતી. ત્યારબાદ પણ ધમકીનો સિલસિલો યથાવત રહ્યો હતો અને દિવાળી કોર્ટ તથા મકરપુરા વિસ્તારમાં આવેલી કેન્દ્રીય વિદ્યાલયની એક દિવસે ફરી બોમ્બની ધમકી મળી હતી. જેમાં કોર્ટમાં મેલના કન્ટેન્સ સરખા હતા પરંતુ કેન્દ્રીય વિદ્યાલયને હવે મેલ પર નહી પરંતુ શાળામાં બાળકોને ગણિત વિષયનો અભ્યાસ કરાવતા સંતોષકુમાર તિવારીને ગત 5 માર્ચના રોજ વહેલી સવારના 8 વાગ્યે અરબી ભાષામાં બ્લાસ્ટનો મેસેજ આવ્યો હતો જેથી શિક્ષકે આચાર્યને જાણ કરી હતી સ્કૂલમાં પોલીસ દ્વારા ડોગ અને બોમ્બ સ્કવોર્ડ દ્વારા ચેકિંગ કરાયું હતું પરંતુ કોઈ વાંધાજનક વસ્તુ મળી ન હતી. તપાસ દરમિયાન ધમકી આપનાર શાળાનો સગીર વિદ્યાર્થી હોવાનું બહાર આવ્યું હતું.

---

મધ્યગુજરાત વીજ કંપનીનો સપાટો

## મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવનો પ્રારંભ : બાકીદારોમાં ફફડાટ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.13

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વડોદરા શહેરમાં લાંબા સમયથી વીજ બિલ નહીં ભરનારા ગ્રાહકો સામે લાલ આંખ કરવામાં આવી છે. કંપની દ્વારા બાકી વીજ બિલની વસૂલાત માટે આજથી મેગા ડિસકનેક્શન ડ્રાઈવ શરૂ કરવામાં આવતા બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. વડોદરામાં મધ્યગુજરાત વીજ કંપનીની શહેરની તમામ પેટા વિભાગીય કચેરીઓને આદેશ આપીને મોટી સંખ્યામાં ટેકનિકલ અને વહીવટી સ્ટાફને મેદાનમાં ઉતારવામાં આવ્યો છે. લાંબા સમયથી અનેક ગ્રાહકો દ્વારા વારંવારની સૂચના છતાં વીજ બિલની રકમ ભરપાઈ કરવામાં આવતી નહોતી. જેને પગલે હવે એમજીવીસીએલ એ કડક વલણ અપનાવ્યું છે. આ ડ્રાઈવ અંતર્ગત માત્ર રહેણાંક જ નહીં, પરંતુ વાણિજ્યિક અને ઔદ્યોગિક એકમો પણ જો બાકીદારોની યાદીમાં હશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગ્રાહકોને અગવડતા ન પડે તે માટે માનવીય અભિગમ અપનાવતા એમજીવીસીએલ એ એક વિશેષ વ્યવસ્થા પણ કરી છે. વીજ કંપનીની ટીમ જ્યારે ગ્રાહકના ઘરે પહોંચે, ત્યારે ગ્રાહક જો ઈચ્છે તો ઓન ધ સ્પોટ ડિજિટલ માધ્યમથી કે રોકડમાં બિલ ભરી શકે છે. જે ગ્રાહકો સ્થળ પર જ બાકી રકમ ચૂકવી દેશે, તેમનું જોડાણ કાપવામાં આવશે નહીં. તેમજ જો ગ્રાહક સહકાર નહીં આપે અને સ્થળ પર પણ બિલ ભરપાઈ કરવાની મનાઈ કરશે, તો નિયમ મુજબ તેમનું વીજ જોડાણ તાત્કાલિક અસરથી કાપી નાખવામાં આવશે. કનેક્શન કપાયા બાદ ફરીથી જોડાણ મેળવવા માટે ગ્રાહકે આખું બિલ અને વધારાનો રી-કનેક્શન ચાર્જ પણ ચૂકવવો પડશે.

---

રહીશોમાં ભારે રોષ: કલેક્ટર સુધી પહોંચી રજૂઆત

## ભાયલીમાં વિધર્મીને મકાન વેચાતા હોબાળો: 'અશાંત ધારા'ની માગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.13

શહેરના પોશ ગણાતા ભાયલી વિસ્તારમાં આવેલી 'સ્પ્રિંગ રીટ્રીટ-1' સોસાયટીમાં એક વિધર્મી વ્યક્તિને મકાન વેચી દેવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સોસાયટીના રહીશોએ એકત્ર થઈને આ વેચાણ દસ્તાવેજનો વિરોધ કર્યો છે અને સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક 'અશાંત ધારો' લાગુ કરવાની માંગ કરી છે. સોસાયટીના રહીશોના જણાવ્યા અનુસાર, ફ્લેટ નંબર 301માં રહેતી એક મહિલા દ્વારા સોસાયટીની પરવાનગી લીધા વગર જ મકાનનો દસ્તાવેજ કરી દેવામાં આવ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે મહિલાએ આ મકાન તેના પિતાને વેચ્યું છે,



જેઓ મુસ્લિમ ધર્મ પાળે છે. જ્યારે સોસાયટીએ કેવાયસી દસ્તાવેજો ચકાસ્યા ત્યારે નામ પરથી જાણવા મળ્યું કે ખરીદનાર વિધર્મી છે. સોસાયટીના નિયમ મુજબ કોઈપણ મકાન ટ્રાન્સફર કરતા પહેલા એસોસિએશનની NOC લેવી ફરજિયાત છે, જેનું અહીં સરેઆમ ઉલ્લંઘન થયું હોવાનું રહીશો જણાવી રહ્યા છે. આ મામલે રહીશોએ એક તાકીદની મીટિંગ યોજી હતી, જેમાં પૂર્વ કોર્પોરેટર લીલાબેન મકવાણા પણ ઉપસ્થિત રહ્યા હતા. લીલાબેને જણાવ્યું હતું કે, ભાયલી ટીપી-1 થી 5 ના વિસ્તારોમાં અશાંત ધારો લાગુ ન હોવાને કારણે આવી ઘટનાઓ બની રહી છે. રહીશોએ આ બાબતે જિલ્લા કલેક્ટરને પણ લેખિત રજૂઆત કરી છે